**મે. સુરતના નવમા અધીક સીવિલ જજ અને જ્યુડી. મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં**

ફોજદારી કેસ નં. :
આંક : ૪

ફરીયાદી : સરકારશ્રી

વિરૂધ્ધ

આરોપી :

**ગુન્હો : આઈ.પી.સી. કલમ ૨૮૩ મુજબનો**

**-:: ચુકાદો ::-**

૧)ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ બનાવના સ્થળે અને સમયે સરીયામ માર્ગમા કોઈ વ્યક્તિ માટે ભય અને અંતરાય ઉભો થાય તે રીતે પોતાનું વાહન ભયજનક સ્થિતીમા મુકી ઈ.પી.કોડની કલમ- ૨૮૩ મુજબનો ગુનો કરેલ છે.

૨) આરોપી અત્રેની કોર્ટમા હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. આરોપીએ પોતે ગુનો કબુલ કરવા માંગતા હોવાનું જાહેર કરી આંક -૨ થી પુરસીસ રજુ કરેલ, જે સંદર્ભે આંક-૩ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઈ, તે નહી માનવા માટે કોઈ કારણ નથી. જેથી આરોપીની કબુલાત ધ્યાને લઈ તેમને સજા બાબતે પુછતા જણાવેલ છે કે તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. આમ, ઉપરોક્ત તમામ સંજોગો, ગુનાની હકીકત અને સજા જોગવાઈ જોતા ન્યાયના હીતમા આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબનો હુકમ કરૂ છું.

**-::હુકમ ::-**

આ કામના આરોપીને ક્રિ. પ્રોસી. કોડની કલમ - ૨૫૨ મુજબની ઈ.પી.કોડની કલમ - ૨૮૩ મુજબના ગુન્હા સબબ તકસીરવાર ઠરાવવામા આવે છે અને આરોપીને રૂ. ૧૦૦/- પુરાનો દંડ કરવામા આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન - ૧ ની સાદી કેદ ની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ હુકમ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવે છે.

તા-૧૩-૦૮-૨૦૨૨

( આર.આર.બારીઆ)
**નવમા** અધિક સીવિલ જજ અને
જ્યુડી. મેજી.ફ.ક., સુરત
(**Code :GJ** 01609 )